| | | |
|---|---|---|
| | રાષ્ટ્રીય સેવા યોજના<br>કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ,<br>આણંદ કૃષિ યુનિવર્સીટી, ગોધરા | |

# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા ખાતે એન.એસ.એસ.યુનિટ દ્વારા ચુંટણી કાર્ડ જાગૃતિ કાર્યક્રમ

કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરા ખાતે એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૦૨-૦૩-૨૦૧૯ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ચૂંટણી કાર્ડ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડો.આર. સુબ્બૈયાહ દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આચાર્યશ્રીએ  વિધ્યાર્થીઓને ચુંટણી કાર્ડ અને તેની મહત્વતા વિષે અવગત કર્યા હતા, તેમજ પોતપોતાના મતાધિકારના હકનો ઉપયોગ કરવા આહવાન કરેલ. સમગ્ર કાર્યક્રમના ભાગરૂપે આમંત્રિત બુથ લેવલ અધિકારીશ્રીઓએ (B.L.O.) મતદાર યાદી સુધારણા અને નોંધણીની સમગ્ર પ્રક્રીયા સમજાવી હતી તેમજ કોલેજમાં નવા પ્રવેશ પામેલ વિધ્યાર્થીઓના મતદારયાદીમાં નામ ઉમેરવાથી લઈને સુધારણા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં કોલેજનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ મળીને કુલ ૮૦ જેટલા લાભાર્થીઓએ હાજરી આપેલ હતી. કાર્યક્રમનાં અંતે કોલેજના જનરલ સેક્રેટરી દ્વારા આભારવિધિ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર તેમજ યુનિટના સ્વયંસેવકોએ  ઉત્સાહપૂર્વક પોતાનું યોગદાન આપેલ.











2019/3/2 10:58


2019/3/2 10:58